ક્રમાંક:મઉમશબ/શાનિ/વિ.સુ/૨૦૨૧/૧૦૬૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.03/0૬/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ,
ગુજરાત રાજય.

વિષય:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ - ૪૦(ક) માં સુધારા અંગે.

સંદર્ભ :- (૧) The Gujarat Government Gazette SATURDAY, MAY 22, 2021
(૨) The Gujarat Government Gazette Notification TUESDAY, JUNE 1, 2021

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ પત્ર-૧ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૪૦(ક) માં સુધારા અંગેનો GUJARAT ACT No. 16 OF 2021 "The Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021 પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સંદર્ભ પત્ર-૨ થી ઉક્ત GUJARAT ACT No. 16 OF 2021 "The Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021 તા.૦૧/૦૬/૨૦૨૧ થી લાગુ પાડવામાં આવેલ છે. જેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૪૦(ક) માં હાલની જોગવાઈના બદલે નીચે મુજબ સુધારો ધ્યાને લેવાનો રહેશે.

<u>હાલની જોગવાઈ</u>

"૪૦ક. કલમ-૧૭ ના ખંડ (૨૬), કલમો ૩૪ અને ૩૫ અને કલમ ૩૬ ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અને તેની પેટા-કલમો (૨), (૩), (૪) અને (૫) માં નો કોઈ પણ મજકૂર, ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઈ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહિ."

<u>સુધારેલ જોગવાઈ</u>

"૪૦ક. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૩૪ની પેટા-કલમ (૧), કલમ ૩૬ની પેટા-કલમ (૧)નો ખંડ (ખ) અને પેટા-કલમો (૨), (૩), (૪) અને (૫), ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઈ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહિ."



Scanned by CamScanner

આમ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૪૦(ક) માં થયેલ સુધારો ધ્યાને લઈ આપના તાબા હેઠળની લઘુમતી શાળાઓને લાગુ પાડવાનો રહેશે અને થયેલ સુધારા અંતર્ગત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ કાર્યવાહી કરવાની રહેશે.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**રવાના :**

પત્ર ક્રમાંકઃ માવિ.૨/લઘુમતિ શાળાઓ /૨૦૨૧/૨૦૩૯૮-૭૨૪
તારીખઃ૩/૬/૨૦૨૧

૨/–ઉકત પત્ર બાબતે જાણ તેમજ અમલ થવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
(૧) પ્રમુખશ્રી/મંત્રીશ્રી, લઘુમતિ શાળાઓના સંચાલક મંડળો તમામ જિલ્લો–બનાસકાંઠા
(૨)આચાર્યશ્રી,બિન સરકારી અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક લઘુમતી શાળાઓ તમામ જિલ્લો–બનાસકાંઠા

Scanned by CamScanner